**મે. લેબર કોર્ટ મહેસાણાના એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (સીનીયર ડીવીઝન) શ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ, મુ મહેસાણા.**

**ફોજદારી કેસ નં. ૬/૨૦૨૬**

**આંક–૧૦**

ફરીયાદી– ગુજરાત સરકાર વતી, ડી.આર.પરમાર, સરકારી શ્રમ અધિકારી અને બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ,૧૯૮૬ અન્વયેના નિરીક્ષક, જી.મહેસાણા.

**// વિરૂધ્ધ //**

તહોમતદાર– (૧) હોટલ શ્રીજી અને ગેસ્ટ હાઉસ, વલાસણા ગામ, તા.વડનગર, જી.મહેસાણા.

(૨) નિલેષભાઈ દશરથભાઈ ચૌધરી,
ગામ–વેડા, ચૌધરી ફળીયુ, તા.માણસા, જી.ગાંધીનગર.

**ગુનો – બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર કલમ–૯ અને નિયમ–૪(૨) મુજબ.**

**// ચુકાદો //**

(૧) હાલની ફરિયાદ સરકારી શ્રમ અધિકારી અને બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ,૧૯૮૬ અન્વયેના નિરીક્ષક મહેસાણાનાઓ દ્વારા દાખલ થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૧૦ મુજબ ફરિયાદીએ રજુ કરતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૨૩ વંચાણે લઈને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૨૭ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીઓ વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો આરોપીઓએ બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર **કલમ–૯ અને નિયમ–૪(૨)** મુજબનો ભંગ કરેલ હોઈ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામના આરોપીઓ વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ જે સમન્સ આરોપીઓને બજી ગયેલ છે. આજરોજ આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ સ્પેશ્યલ સીટીંગમાં હાજર રહેલ છે. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે. ત્યારબાદ ફરીયાદ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ છે કે કેમ તેવુ પુછવામાં આવેલ જેથી આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવી અને અલગથી આંક– ૭ થી ગુનાની કબુલાત અંગે પુરસીસ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે રજુ કરેલ છે. આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ છતાં આરોપીઓએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની આંક–૮ અને આંક–૯ થી પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતનું દબાણ અને લાલચ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપીઓનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. આ પ્રથમ ગુનો છે તેમજ બનાવ બન્યા બાદ પણ આવો કોઈ બનાવ અમો આરોપીઓની સંસ્થામાં બનવા પામેલ નથી. આ ગુના

બદલ અમો અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેનો પુરેપુરો ભરોસો અને ખાતરી આપીએ છીએ. અમો આરોપીઓ પોતે કુટુંબ પરીવાર ધરાવતા વ્યકિત છીએ અને કુટુંબમાં માત્ર અમો કમાનાર વ્યકિત હોઈ અમારા કુટુંબની જવાબદારી અમારા શીરે છે. અમોને કેદની સજા કરવામાં આવે તો અમારા ધંધા રોજગાર બંધ થઈ પડે જેથી અમારા પરીવારને તેમજ સંસ્થાના કામદારને તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે માટે અમો આરોપીઓને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછો દંડની સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીઓ સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીઓએ બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર **કલમ–૯ અને નિયમ–૪(૨)** નો ભંગ કરી તે કાયદાની કલમ–૪૭ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ છે. તે સંજોગોમાં આરોપીઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા આરોપીઓની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં. ૭૦૯** આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) આ કામના પ્રત્યેક આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર **કલમ–૯ અને નિયમ–૪(૨)** ના ભંગ બદલ તે કાયદાની કલમ–૧૪(૩)(ડી) મુજબના ગુના સંદર્ભે દોષિત ઠરાવી અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂ.૫,૦૦૦/– તેમ કુલ મળીને પ્રત્યેક આરોપીએ કુલ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ ભરવો. આરોપીઓએ કુલ રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ ભરવો.

(૨) આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ દિવસે વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળઃ મહેસાણા.
તા. ૧૪/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
UIC: GJ 01382
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સીનીયર ડીવીઝન),
લેબર કોર્ટ, મહેસાણા.